**૭૦મા સ્વાતંત્ર્ય દિનના રાષ્ટ્રીય પર્વે ગુજરાતના રાજ્યપાલશ્રીએ રાજ્યના નાગરિકોને શુભેચ્છા પાઠવી**

રાજભવન, ગાંધીનગર. તા. ૧૩/૦૮/૨૦૧૬

૭૦મા સ્વાતંત્ર્ય દિનના રાષ્ટ્રીય પર્વ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ ગુજરાત રાજ્યના તમામ નાગરિકોને હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવી છે.

રાષ્ટ્રની આઝાદીના પાવન પર્વે રાજ્યપાલશ્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું છે કે, આપણા મહાન સ્વાતંત્ર્ય વીરોએ રાષ્ટ્રને ગુલામીની ઝંઝીરોમાંથી મુક્ત કરાવવા માટે પોતાના પ્રાણોની આહુતિ આપી છે, તેમને હું આદરપૂર્વક વંદન કરી, શ્રધ્ધા સુમન અર્પણ કરું છું.

શ્રી ઓ. પી. કોહલીએ જણાવ્યું છે કે સ્વાતંત્ર્ય પર્વ આપણને દેશના તમામ એવા મહાનાયકોના અસીમ રાષ્ટ્રપ્રેમ, અપ્રતિમ શૌર્ય અને બલિદાનની અમર ગાથાઓ યાદ અપાવે છે અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતાને મજબૂત બનાવવાની પ્રેરણા આપે છે.

આ અવસર આપણને આત્મ મંથન કરવા પ્રેરિત કરે છે, તેમ જણાવી શ્રી કોહલીએ ઉમેર્યું હતુ કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ સત્ય અને અહિંસાના સિધ્ધાંતો પર અડગ રહીને સમગ્ર રાષ્ટ્રની જનચેતનાને જાગૃત કરી હતી અને દેશને આઝાદી અપાવી હતી, જેના માટે આપણે સદાય તેમના ઋણી રહીશું.

રાજ્યપાલશ્રીએ આહ્‌વાન કર્યું હતુ કે આપણે સૌ સાથે મળી મહાત્મા ગાંધી, લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ, પૂજ્ય રવિશંકર મહારાજ જેવા અનેક રાષ્ટ્રભક્ત મહાનાયકોના આદર્શોને આત્મસાત્‌ કરવા સંકલ્પ કરીએ.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતુ કે દેશની વિકાસ યાત્રામાં ગુજરાત રાજ્યના તમામ નાગરિકોએ તેમનું મહત્વપૂર્ણ યોગદાન આપી "સબ કા સાથ, સબ કા વિકાસ"ની ઉદાત ભાવનાને ચરિતાર્થ કરીએ અને વિશ્વના નકશા પર આપણો દેશ વિકાસશીલ રાષ્ટ્રોની પંક્તિમાં અગ્રિમ સ્થાન પ્રાપ્ત કરે તેવી કામના તેમણે વ્યક્ત કરી હતી.

———————————————————————————————————